


# કળિયુગના દેવતા ખાટુ શ્યામજી: હારે કા સહારા



**સમસ્યા અને સમાધાન** — વાય.જે.ટી.

ખાટુ શ્યામ બાબાની કળિયુગમાં સૌથી વધુ પૂજા કરવામાં આવે છે, પરંતુ ઘણાં ઓછાં લોકો જાણે છે કે, તેમને 'હારે કા સહારા' કેમ કહેવામાં આવે છે? અને તે મહાભારતના સમયમાં બર્બરિકથી કળિયુગના ખાટુ શ્યામ બાબા કેવી રીતે બન્યા?

હારે કા સહારા... ખાટુ શ્યામ બાબા હમારા... એ તો તમે ખૂબ સાંભળ્યું હશે. કળિયુગના દેવતાના રૂપમાં ફેમસ ખાટુ શ્યામજી આજે દેશ અને દુનિયામાં પૂજાઈ રહ્યા છે. ખાટુ શ્યામને ભગવાન શ્રીકૃષ્ણના ચમત્કારિક રૂપમાં પણ માનવામાં આવે છે અને કહે છે કે, જે પણ બાબાના દરબારમાં એટલે કે ખાટુ શ્યામ મંદિરમાં સાચી ભાવના સાથે મનોકામના કરીને આવે છે તેની દરેક ઈચ્છા ખાટુ શ્યામ બાબાજી પૂરી કરે છે. પરંતુ મોટા ભાગનાં લોકોનાં મનમાં સવાલ એ થાય છે કે, આખરે તેને કળિયુગમાં ખાટુ શ્યામજી કેમ કહેવામાં આવે છે? અને તેમને હારે કા સહારા કેમ કહેવામાં આવે છે? જો તમે પણ આ બધું વિચારી રહ્યા હો, તો ચાલો બતાવીએ આખરે તેની પાછળની ખરી વાત શું છે?

**ખાટુ શ્યામજી મહારાજ કોણ છે?**

પૌરાણિક કથાઓમાં ખાટુ શ્યામ બાબાનું અસલી નામ 'બર્બરિક' છે. મહાભારત કાળમાં તેમના પિતાનું નામ ઘટોત્કચ અને માતાનું નામ કામકંટકટા (મોરવી) હતું. કુરુક્ષેત્રમાં જ્યારે કૌરવ અને પાંડવો વચ્ચે લડાઈ ચાલી રહી હતી ત્યારે બર્બરિક મેદાનમાં ઊતરી પડ્યો હતો. તેમણે પ્રતિજ્ઞા લીધી હતી કે, 'જે પણ પક્ષ નબળો પડશે, તે સમયે તેનો સાથ આપીશ.' અને એ જ કારણે તેમને 'હારેકા સહારા' કહે છે!

એ સમયે ભગવાન કૃષ્ણને આ વાતની જાણ થઈ તો તેમને તો ખબર હતી કે, બર્બરિકને ત્રણ બાણોથી કોઈ પણ લડાઈને જીતવાના આશીર્વાદ મળ્યા હતા!

**કૃષ્ણે પછી બર્બરિકની પરીક્ષા લીધી**

એક વાર શ્રીકૃષ્ણ બર્બરિકની પાસે જઈને તેમની પરીક્ષા લેવા લાગ્યા. તેમણે બર્બરિકને પીપળાના વૃક્ષનાં બધાં પાંદડાંને બાણથી મારવાનું કહ્યું.

બર્બરિકે એક બાણ ચલાવ્યું અને પીપળાના પાંદડા પર કાણાં પડી ગયાં.. પરંતુ કૃષ્ણે એક પાંદડું પોતાના પગ નીચે દબાવી દીધું ત્યારે બર્બરિકે ભગવાનને પોતાના પગ હટાવવા માટે કીધું જેથી તે તે પાંદડાને પણ કાણું કરી શકે!

પરંતુ ભગવાન શ્રીકૃષ્ણે પગ હટાવ્યો નહી, પરંતુ બર્બરિકે એવું બાણ ચલાવ્યું કે, આખરે તે પાંદડામાં પણ કાણું પડી ગયું અને કૃષ્ણના પગમાં વાગી ગયું!

**કૃષ્ણે બર્બરિકનું માથું માંગ્યું!**

આ બધું જોયા બાદ ભગવાન કૃષ્ણ વધારે હેરાન થઈ ગયા. એટલા માટે બીજે દિવસે કૃષ્ણ ભગવાન બ્રાહ્મણ વેશમાં બર્બરિક પાસે પહોંચ્યા અને તેમની પાસે ભિક્ષા માંગવા લાગ્યા.

**શ્રીકૃષ્ણે ભિક્ષામાં તેનું માથું માંગ્યું.**

જ્યારે બર્બરિકે તેમની ઓળખ આપવા જણાવ્યું તો... ત્યારે ભગવાન શ્રીકૃષ્ણ પોતાના દિવ્ય રૂપમાં સામે આવ્યા.

ભગવાનનું રૂપ જોઈને બર્બરિકે તરત જ માથાનું બલિદાન આપી દીધું! પરંતુ શ્રીકૃષ્ણે તેમને વરદાન આપ્યું કે કળિયુગમાં તમે શ્યામના રૂપમાં ઓળખાશે.

બર્બરિકે માથાનું બલિદાન ફાગણ માસના સુદ પક્ષની બારસ તિથિએ આપ્યું હતું.

**ખાટુ શ્યામ મંદિરનું નિર્માણ કેવી રીતે થયું?**

મહાભારત યુધ્ધ બાદ બર્બરિકનું માથું નદીમાં વહીને રાજસ્થાનના સીકર જિલ્લામાં ખાટુ શહેરમાં પહોંચી ગયું. પછી ઈસવી સન 1027માં રાજારૂપસિંહ ચૌહાણ અને તેમની પત્ની નર્મદાકંવરને જે તલાવમાંથી બર્બરિકનું માથું મળ્યું તેની થોડેક દૂર પર મંદિરનું નિર્માણ કરાવી દીધું.

પરંતુ મુગલ બાદશાહ ઔરંગઝેબે પોતાના શાસનકાળમાં ખાટુ શ્યામના જૂના મંદિરને તોડાવી નાંખ્યું અને પોતાની મસ્જિદ ઊભી કરી દીધી!

પરંતુ તેમના મૃત્યુ બાદ ઈસવી સન 1720માં અભયસિંહે એક નવું ખાટુ શ્યામ મંદિર બનાવ્યું, જ્યાં આજે પણ લોકો દર્શન કરે છે.

**ખાટુ શ્યામની પૂજાથી ભક્તોને શું લાભ મળે છે?**

ખાટુ શ્યામની પૂજાથી ભક્તોને કેટલાયે લાભ મળે છે, જેમાંથી કેટલાક મુખ્ય છે:

**સમસ્યાઓમાંથી મુક્તિ**

એવું માનવામાં આવે છે કે, જે ભક્ત સાચા મનથી તેમની આરાધના કરે છે તેમના જીવનની બધી પરેશાનીઓ અને દુ:ખ દૂર થઈ જાય છે.

**આર્થિક સમૃદ્ધિ**

તેમની પૂજા કરવાથી ઘરમાં સુખ-શાંતિ આવે છે અને આર્થિક સ્થિતિમાં ઝડપથી સુધારો થાય છે

**રોગોમાંથી મુક્તિ**

કેટલાંયે ભક્તોનું માનવું છે કે, તેમના અભિષેકનું પાણી પીવાથી ગંભીર બીમારીઓમાંથી પણ મુક્તિ મળી શકે છે.

**આધ્યાત્મિક શાંતિ**

ખાટુ શ્યામજીનાં દર્શન અને પૂજાથી મનને અસીમ શાંતિ મળે છે અને આધ્યાત્મિક વિકાસ થાય છે.

**મનોકામના પૂરી થાય છે**

એવી માન્યતા છે કે, ખાટુ શ્યામ પોતાનાં ભક્તોની બધી ઈચ્છાઓ પૂરી કરે છે... પછી તે નોકરી, લગ્ન કે સંતાન સંબંધિત હોય તો પણ સાચા હૃદયથી પ્રાર્થના કે દર્શન કરવાથી પૂરી થાય છે.

**હારે કા સહારા**

સૌથી મહત્ત્વપૂર્ણ વાત એ છે કે, તેઓ નિરાશ અને હારેલા ભક્તોનો સહારો બનીને હિંમત આપે છે. કારણકે તેમને શ્રીકૃષ્ણ ભગવાનનું વરદાન મળ્યું હતું.



# ચૈત્ર નવરાત્રિમાં કરો તાંત્રિક ઉપાય: ટુચકા

**યંત્ર-મંત્ર-તંત્ર** — યજ્ઞેશ ત્રિવેદી

19 માર્ચ થી 'ચૈત્ર નવરાત્રિ' શરૂ થઇ રહી છે. જો કોઇ વ્યક્તિ લાંબા સમયથી આર્થિક તંગી કે દેવાની સમસ્યાથી પરેશાન હોય, તો ચૈત્ર નવરાત્ર તેમના માટે કોઈ વરદાનથી ઓછું નથી.તમોને ગુપ્ત ઉપાય જણાવીએ છીએ, જે અપનાવીને તમે મા લક્ષ્મીજીની વિશેષ કૃપા પ્રાપ્ત કરી શકો છો.

**મુખ્ય દ્વાર પર દીવો પ્રગટાવવો**

નવરાત્રિમાં દરરોજ રાત્રે સૂતાં પહેલાં મુખ્ય દ્વાર પર ગાયના ઘીનો દીવો પ્રગટાવવો. દીવામાં વાટ નાડાછડીની દોરી લેવી. વાટ ઉત્તર કે પૂર્વ દિશા તરફ હોવી જોઈએ. તે મા લક્ષ્મીજીનું સ્વાગત તેમ જ નકારાત્મકતા દૂર કરવાનું પ્રતીક છે. દીવામાં કેસર નાખવાથી ઘરમાં ખુશીનું વાતાવરણ વધે છે.

**પીળી કોડીનો ઉપાય**

નવરાત્રિમાં 5 કે 11 પીળી કોડીઓ અને એક ચાંદીનો સિક્કો લાલ કપડામાં બાંધીને મા દુર્ગાનાં ચરણોમાં રાખો. છેલ્લી રાત્રે તેને ઉઠાવીને તમારી તિજોરીમાં મૂકી દો. આ ઉપાય ધન સંબંધી મુશ્કેલીઓને દૂર કરવામાં મદદ કરે છે.

**કપૂર અને લવિંગ**

મા દુર્ગાને પ્રસન્ન - ખુશ કરવા માટે કપૂર અને લવિંગથી સંકળાયેલો ઉપાય કરી શકો છો. રાતના સમયે ચાંદીની વાટકીમાં કપૂર અને બે ફૂલવાળું લવિંગ સળગાવીને આખા ઘરમાં તેનો ધુમાડો દેખાડો. એવું કહેવાય છે કે, લવિંગ અને કપૂરનો આ ઉપાય દરિદ્રતાને દૂર કરવા માટે ઘણો રામબાણ, અસરકારક છે. સાથે જ ધનના નવા માર્ગો ખોલે છે.

**કમળગટ્ટાની માળા**

મા લક્ષ્મીજીને કમળ ઘણું જ પ્રિય છે. એવામાં નવરાત્રિની કોઇ પણ રાત્રે 'ૐ શ્રીં હ્રીં કલીં મહાલક્ષ્મ્યૈ નમઃ' મંત્રની કમળગટ્ટાની માળાથી 108 વાર જપ કરવા. આમ કરવાથી તમારું સૂતેલું કિસ્મત જાગી જશે. સાથે જ જીવનમાં શુભતાનું આગમન થશે.

**ચૈત્ર નવરાત્રિમાં તાંત્રિક ઉપાય**

બનતાં બનતાં કામ જો તમારાં બગડી જતાં હોય, મહેનત કરીને કોઈ કામનો મોંઢા સુધી આવેલો કોળિયો પાછો જતો હોય તો નવરાત્રિની આઠમ કે નોમની રાત્રે એક નાળિયેર લેવું અને તેના પર સિંદૂરથી ચાંલ્લો કરવો. તેને પોતાના માથા ઉપરથી સાત વાર ઉતારીને મા દુર્ગાનાં ચરણોમાં મૂકી દો અને આખી રાત તમારા પૂજાસ્થાન પર રહેવા દો. બીજે દિવસે તેને કોઈ મંદિરમાં મૂકી દો.

ચૈત્ર નવરાત્રમાં રોજ મા દુર્ગાની પૂજા-અર્ચના કરવી અને પૂજાની થાળીમાં માતાજીને પ્રિય ભોગ રાખવો. પૂજા દરમિયાન દેવી દુર્ગાને લવિંગનું જોડું અર્પણ કરવું અને જીવનમાં સુખ-શાંતિની પ્રાપ્તિ માટે મનોકામના કરવી. આ ઉપાય કરવાથી મા દુર્ગા ખુશ થાય છે અને સાધકની બધી મનોકામનાઓ પૂરી થાય છે.

નવરાત્રિ દરમિયાન બીમારી દૂર કરવાનો ટુચકો

નવરાત્રિના પહેલા દિવસે એક નાળિયેર પર નાડાછડી વીંટીને ઘરમાં માતા રાણીને અર્પણ કરવું. પછી તેને વહેતાં પાણીમાં પ્રવાહિત કરવું. તેનાથી બીમારી દૂર થાય છે.

નવરાત્રિ દરમિયાન ફટકડી અને અજમાને લાલ કપડાંમાં બાંધીને રોગીના માથા પર 7 વાર ઉતારીને વહેતાં પાણીમાં નાખી દો. તેનાથી બીમારી દૂર થશે.

**કર્જ-દેવાં મુક્તિ માટે નવરાત્રિનો ટુચકો**

નવરાત્રિ દરમિયાન ફટકડી અને અજમાને લાલ કપડાંમાં બાંધીને રોગીના માથા પર 7 વાર ઉતારીને વહેતાં પાણીમાં નાખી દો. તેનાથી બીમારી દૂર થશે.

**કર્જ-દેવાં મુક્તિ માટે નવરાત્રિનો ટુચકો**

નવરાત્રિના કોઇ પણ દિવસે સવારે માતા દુર્ગાની પૂજાના સમયે તેમનાં શ્રી ચરણોમાં 108 ગુલાબનાં ફૂલ અર્પણ કરવાં અને સવા કિલો આખી લાલ મસૂરની દાળ કપડાંમાં બાંધીને પોતાની સામે મૂકી દો. ઘીનો દીવો પ્રગટાવીને માતાજીનો નીચે લખેલો મંત્ર 108 વાર બોલવો. મંત્ર જપ પછી મસૂરને પોતાના ઉપરથી 7 વાર ઉતારીને કોઈ પણ સફાઈ કર્મચારીને દાનમાં આપવી. દુર્ગામાની કૃપાથી દેવામાંથી છુટકારો મળી જશે.

**મંત્રઃ સર્વમંગલ માંગલ્યે શિવે સર્વાર્થ સાધિકે ।**
**શરણ્યે ત્ર્યંબકે ગૌરી નારાયણી નમોસ્તુતે ॥**

# ચૈત્ર નવરાત્રિમાં માતાજીની પાલખી પર સવારી અશુભ સંકેત છે

**જડીબુટ્ટી** — નજુમી



નવરાત્રિનું પર્વ શક્તિ અને સાધનાનો અનુપમ સંગમ છે. વર્ષમાં નવરાત્રિનું પર્વ ચાર વખત આવે છે, જેમાં ચૈત્ર મહિનાની નવરાત્રિનું વિશેષ આધ્યાત્મિક મહત્ત્વ છે. ચૈત્ર સુદ એકમથી પ્રારંભ થતી આ નવરાત્રિ નવ સંવત્સરનો પણ આરંભ માનવામાં આવે છે. આ દિવસથી વાતાવરણમાં સકારાત્મક ઊર્જાનો સંચાર થાય છે. ચૈત્ર નવરાત્રિને વિશેષ એટલા માટે માનવામાં આવે છે કે, આ દિવસે મા દુર્ગાનું પ્રાકટ્ય થયું હતું અને બ્રહ્માજીએ સૃષ્ટિની રચનાનો આરંભ કર્યો હતો. આ જ કારણે ચૈત્ર સુદ એકમથી હિંદુ નવ વર્ષની શરૂઆત માનવામાં આવે છે. સાથે જ ભગવાન વિષ્ણુનો સાતમો અવતાર ભગવાન રામનો જન્મ પણ આ પાવન કાળમાં થયો હતો, જેના કારણે આ નવ દિવસનું આધ્યાત્મિક મહત્ત્વ ઘણું વધી જાય છે.

**ચૈત્ર નવરાત્રિમાં માતાજીની સવારી પાલખીમાં થશે**

ચૈત્ર નવરાત્રિમાં માતાની સવારીનું ઘણું મહત્ત્વ છે, કારણકે તેનાથી આવનારા સમયનો શુભ-અશુભ સંકેત મળે છે.

દેવી પુરાણ અનુસાર 'પાલખી (ડોલી)' પર માતાનું આગમન શુભ માનવામાં આવતું નથી, તેથી એવો સંકેત મળે છે કે, દેશમાં આર્થિક મંદી આવી શકે છે. કુદરત પોતાના રૌદ્ર રૂપમાં જાન-માલનું નુકસાન કરી શકે છે. મા દુર્ગાનું આવી રીતે આવવું તે દેશ-દુનિયામાં મહામારી વધવાનો સંકેત પણ આપે છે.

**ડોલી પર માતાનું આવવું તે અશુભ સંકેત છે**

આ નવ દિવસોમાં જ્યારે મા દુર્ગા પૃથ્વી પર આવે છે, તો એક વિશેષ વાહન પર સવાર થઈને આવે છે. તે ક્યા વાહન પર સવાર થઈને આવશે- તે તે દિવસના આધારે નક્કી કરવામાં આવે છે.

**આ વર્ષે ચૈત્ર નવરાત્રિ 19 માર્ચ 2026 ગુરુવારથી શરૂ થાય છે.**

પુરાણો અનુસાર જો ગુરુવારે કે શુક્રવારે નવરાત્રિ પ્રારંભ થતી હોય તો તેનો અર્થ છે કે, મા ડોલી પર આવશે. જેને સામાન્ય રીતે અશુભ માનવામાં આવે છે કારણ કે તે અસ્થિરતા અને પડકારોનો સંકેત છે.

બુધવાર અને શુક્રવારના દિવસે માતા હાથી પર સવાર થઈને પ્રસ્થાન કરે છે, જેને ઘણું જ શુભ માનવામાં આવે છે. આ વર્ષે 27 માર્ચ 2026ના રોજ ચૈત્ર નવરાત્રિનો છેલ્લો દિવસ છે. આ દિવસે માતા હાથી પર સવાર થઈને પાછી ફરશે. હાથી પર વિદાય થવું તે ઘણો જ શુભ સંકેત માનવામાં આવે છે, જે સુખ-સમૃદ્ધિ, સારો વરસાદ, કૃષિમાં વધારો અને સમાજમાં શાંતિનું પ્રતીક છે.

'દીલોયાં મરણં ધ્રુવમ્- મૃત્યુ અથવા મોટાં સંકટ થવાની આશંકા.

**દેશની કુંડળી શું કહે છે?**

2026ના ગ્રહોની સ્થિતિને જોઈએ શનિ અને રાહુના ગોચર વચ્ચે પાલખી પર માતાનું આવવું આરોગ્ય પ્રત્યે સચેત રહેવાની ચેતવણી આપે છે. આ દરમિયાન જનતાને પોતાના આરોગ્ય અને આર્થિક રોકાણ માટે વિશેષ સાવધાન રહેવું જોઈએ. પરંતુ વ્યક્તિગત રીતે ભક્તો માટે માની ભક્તિ હંમેશા કલ્યાણકારી જ હોય છે.

**સંક્ટથી બચવા માટે ભક્તોએ શું કરવું જોઈએ?**

જો સવારીનો સંકેત પડકારવાનો હોય, તો વિશેષ પૂજા-અર્ચનાથી નકારાત્મકતા ઓછી કરી શકાય છેઃ

**દુર્ગા સપ્તશતી (ચંડી) પાઠઃ**

આમાં કવચ, અર્ગલા અને કીલકનો પાઠ કરવાથી માતાજી રક્ષણ કરશે.

**હનુમાન ચાલીસાઃ** પાલખીની સવારીના દોષને ઓછો કરવા માટે હનુમાનજીની આરાધના વિશેષ ફળદાયી હોય છે.



**કન્યાપૂજનઃ** આઠમ કે નોમના દિવસે કન્યાઓને શીરો-પુરી ખવડાવીને આશીર્વાદ લેવા.

**દાનઃ-** કાળા તલ અને ઊનનાં



વસ્ત્રોનું દાન કરવાથી આરોગ્ય સંબંધી તકલીફો દૂર થાય છે.

માતાની સવારી કુદરતના બદલાવોનો એક સંકેત માત્ર છે. સાચી શ્રદ્ધા અને વિધિવિધાનથી કરવામાં આવેલી પૂજા દરેક સંકટોને ટાળી શકાય છે. તો તૈયાર થઈ જાવ 19 માર્ચથી માના સ્વાગત માટે.

# ચૈત્ર નવરાત્રિમાં કઈ રાશિઓનું ભાગ્ય અને કિસ્મત ચમકી જશે?

**કાળચક્ર** — યજ્ઞાનંદ

જયોતિષ દૃષ્ટિએ ચૈત્ર નવરાત્રિ ઘણી ખાસ છે. આ દરમિયાન ગ્રહોની સ્થિતિ અને માતાનું આગમન કેટલીક વિશેષ રાશિઓ માટે રાજયોગ જેવું ફળ લઈને આવે છે. ચૈત્ર નવરાત્રિ 19 માર્ચથી શરૂ થશે.



**મેષ :** મેષ રાશિનાં જાતકો માટે નવરાત્ર ખુશીઓની ભેટ લઈને આવે છે. તમારું કોઈ કામ લાંબા સમયથી અટકેલું હોય તો આ દરમિયાન પૂરું થઇ જશે. નોકરી કરી રહેલાં લોકોને પ્રમોશન કે નવી જવાબદારી મળી શકે છે. સાથે જ આર્થિક સ્થિતિમાં મોટો સુધારો જોવા મળશે.

**મિથુનઃ** મિથુન રાશિવાળાઓ માટે મા દુર્ગાના આશીર્વાદ ધનના નવા માર્ગ ખોલશે. કોર્ટ-કચેરીના મામલામાં સફળતા મળશે. જૂના દેવામાંથી મુક્તિ મળી શકે છે. સાથે જ ભણતાં બાળકો માટે આ સમય મોટી સફળતા હાંસલ કરનારો સાબિત થશે.

**સિંહ :** સિંહ રાશિનાં જાતકો માટે ચૈત્ર નવરાત્રિ 'પદ' અને પ્રતિષ્ઠા' લઈને આવી રહી છે. સમાજમાં માન-સન્માન વધશે. જે લોકો રાજકારણના ક્ષેત્રમાં છે. તેમના માટે આ નવરાત્રિ વરદાન રૂપ છે.

**ધનઃ** ધન રાશિનાં જાતકોને ભાગ્યનો પૂરો સાથ મળશે. ધાર્મિક કાર્યોમાં રુચિ વધશે અને યાત્રાઓથી ધનલાભ થશે. સાથે જ વાહન ખરીદવાનું સપનું આ નવરાત્રીમાં પૂરું થઈ શકે છે.

**ઉપાયઃ** રોજ દુર્ગા સપ્તશતી (ચંડી) પાઠ કરવો. આઠમ કે નોમના દિવસે કન્યા પૂજન કરવું અને પોતાની ક્ષમતા અનુસાર ભેટ આપવી. 'ૐ દું દુર્ગાયે નમઃ' મંત્રનો 108 વાર જપ કરવો.

પંચાંગ અનુસાર આ વર્ષે ચૈત્ર સુદ પ્રતિપદા તિથિ 19 માર્ચ સવારે 06 વાગ્યા ને 52 મિનિટથી આરંભ કરીને 20 માર્ચ સવારે 04 વાગ્યા ને 52 મિનિટ સુધી રહેશે. ઉદયા તિથિ અનુસાર નવરાત્રિનો શુભારંભ 19 માર્ચથી થશે. નવ દિવસ સુધી ચાલતાં આ પાવન પર્વનું સમાપન 27 માર્ચે રામનવમીના દિવસે થશે.